પંચાયત સેવા વર્ગ – ૩ સંવર્ગની સીધી ભરતીથી નિમણુંક કરી ભરવાની થતી જગ્યાઓમાં શારીરિક ખોડખાંપણ ધરાવતી વ્યકિતઓ માટે જગ્યાઓ અનામત રાખવા બાબત.

ગુ. પં. સે. પ. બોર્ડ
અમદાવાદ-૩૮૦૦૧૫
ઈનવર્ડ 2433
દફતર 1 JUN 2017
તારીખ

ગુજરાત સરકાર

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦૧૩/૧૮૯૦/ખ

સચિવાલય, ગાંધીનગર,

તા.૨૩/૫/૨૦૧૭

**વંચાણે લીધા –**

૧. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૨૦/૧૦/૧૬ ના ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦૧૩/૧૮૯૦/ખ

૨. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૧૧/૧૨/૨૦૧૩, તા.૬/૧/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦૧૩/૧૮૯૦/ખ

**સુધારા ઠરાવ :-**

વંચાણે લીધેલ ક્રમ – ૨ ના પત્રથી વિકલાંગ વ્યકિતઓ માટે સરકારી નોકરીમાં અનામત રાખી શકાય તેવી જગ્યાઓ અને તેવી જગ્યાઓ ઉપર કેવા પ્રકારની વિકલાંગતા ધરાવતા ઉમેદવારોની નિમણુંક થઇ શકે તે અંગે તા.૧૧/૧૨/૨૦૧૩ અને તા.૬/૧/૨૦૧૪ ના ઠરાવથી પંચાયત સેવા, વર્ગ – ૩ સંવર્ગની નીચેની જગ્યાઓમાં સીધી ભરતીથી ભરવાની થતી જગ્યાઓ માટે જે તે જગ્યા સામે દર્શાવેલ અનામત કક્ષાના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત રાખવાનું ઠરાવવામાં આવેલ હતું.

સદરહું ઠરાવોમાં જણાવેલ પંચાયત સેવાના વર્ગ – ૩ ના સંવર્ગો પૈકી અધિક મદદનીશ ઇજનેર, કમ્પાઉન્ડર, મુખ્ય સેવિકા, વિભાગીય હિસાબનીશ, સમાજ કલ્યાણ નિરીક્ષક (જુની.ગ્રેડ) લેબ.ટેકનીશીયન, નાયબ ચીટનીશ, જુની.કલાર્ક (વહીવટ/હિસાબ), ગ્રામ સેવક અને ગ્રામ પંચાયત મંત્રીમાં મોડરેટ એટલે કે ૪૦ ટકા કે તેથી વધુ કે ૭૫ ટકાથી ઓછી વિકલાંગતાવાળા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત રાખવાની થતી હતી. પરંતુ ભારત સરકારના જાહેરનામામાં ઉલ્લેખ થયેલ છે તે મુજબ જે સંવર્ગમાં B, LV અને HH ની વિકલાંગતા હોય ત્યાં હાલની આધુનિક ટેકનોલોજીને ધ્યાને લઇ ૪૦ ટકા કે તેથી વધુ અને ૧૦૦ ટકા સુધીની (profound/total) વિકલાંગતા ધરાવતા હોય તેવા ઉમેદવારોને પાત્ર ગણવાના રહેશે.



1. I.S.O. file માં રાખો
2. બોર્ડના ધ્યાને મુકવી.

1 MAY 2017

આથી પંચાયત સેવાના વર્ગ – ૩ ના સંવર્ગો પૈકી અધિક મદદનીશ ઇજનેર, કમ્પાઉન્ડર, મુખ્ય સેવિકા, વિભાગીય હિસાબનીશ, સમાજ કલ્યાણ નિરીક્ષક (જુની.ગ્રેડ) લેબ.ટેકનીશીયન, નાયબ ચીટનીશ, જુની.કલાર્ક (વહીવટ/હિસાબ), ગ્રામ સેવક અને ગ્રામ પંચાયત મંત્રી જેવા સંવર્ગોમાં B, LV અને HH ની વિકલાંગતા હોય ત્યાં હાલની આધુનિક ટેકનોલોજીને ધ્યાને લઇ ૪૦ ટકા કે તેથી વધુ અને ૧૦૦ ટકા સુધીની (profound/total) વિકલાંગતા ધરાવતા હોય તેવા ઉમેદવારોને પાત્ર ગણવાના રહેશે તેમ આથી ઠરાવવામાં આવે છે.

આ હુકમો સામાજીક ન્યાય અધિકારીતા વિભાગની તા.૧૯/૦૫/૨૦૧૭ ની નોંધ પર મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.સી.સથવારા)

ઉપસચિવ.

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

**નકલ રવાના –**

- **માન.રા.ક.મંત્રીશ્રી (પંચાયત) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.**
- **સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.**
- **સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.**
- **વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.**
- **સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, અમદાવાદ.**
- **જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ (તમામ), સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફત. (જિલ્લો. )**
- **નાયબ નિયામકશ્રી, ગ્રામ વિકાસ અને પંચાયતી રાજ તાલીમ ભવન, શશીકુંજ, જુનાગઢ.**
- **જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત,તમામ (તાબાની તમામ તાલુકા પંચાયતોને નકલ મોકલી આપવાની વિનંતી સહ)**
- **વિભાગની સર્વે શાખાઓ.**
- **નાયબ સેકશન અધિકારી, સિલેકટ ફાઇલ.**
- **શાખા સીલેકટ ફાઇલ.**
- સીસ્ટમ મેનેજર, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

Scanned by CamScanner